ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ભારતી પટેલ
મો. ૭૬૯૮૨ ૮૧૬૧૨



વાઘેલા રાજવીરસિંહ વિક્રમસિંહ
મો. ૯૭૨૩૬ ૧૬૭૨૬



પર્વ ધવલ પટેલ



કથન હાર્દિક દરજી

### ગાંધીનગર ખાતે

# સ્પર્ધાત્મક ભરતી પરીક્ષામાં પસંદગી પામેલા ૧૦૫૪ નવયુવાનોને નિમણૂંક પત્રોનું વિતરણ







ગાંધીનગર, તા. ૨૬
મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકારની સેવામાં જોડાઈ રહેલા નવનિયુકત યુવા કર્મીઓને માનવીય સંવેદના સાથે છેવાડાના માનવી અંત્યોદયના કલ્યાણ ભાવને આજીવન સેવા લક્ષ્ય બનાવી સેવારત રહેવા આહવાન કર્યું છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સિનીયર કલાર્ક, મ્યુનિસિપલ એકાઉન્ટન્ટ અને ડેપ્યુટી એકાઉન્ટન્ટ તરીકે પસંદગી પમેલા ૧૦૫૪ યુવાઓને નિમણૂંક પત્ર વિતરણમાં મુખ્યમંત્રીએ આ પ્રેરક આહવાન કર્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ આ નવયુવાઓને 'ટીમ ગુજરાત'માં આવકારતાં ઉમેર્યું કે, ગુજરાત સરકારના કર્મયોગીની અને સુશાસનની જે ઈમેજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈએ દેશભરમાં મોડેલ તરીકે પ્રસ્થાપિત કરી છે તેને તમારા કતૃત્વ ભાવથી વધુ ઉજાગર કરવાની છે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ સરકાર પારદર્શી અને સંવેદનશીલ છે તેની જન અનુભૂતિ સામાન્યમાં સામાન્ય માનવીને પણ થઈ રહી છે.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રાજ્ય સેવાના સાડા ચાર લાખથી વધુ કર્મયોગીઓ, મંત્રી પરિષદ, પદાધિકારી સહિત સમગ્ર સરકાર પીડિત, શોષિત, વંચિત, છેવાડાના માનવીને મદદરૂપ થવાના લક્ષ્ય સાથે કર્તવ્યરત છે.

"તમારે પણ તમારી પાસે પોતાના કામ-સમસ્યા અંગે આવતા અરજદારની જાતમાં એકવાર તમારી જાતને મૂકીને તેની સમસ્યાનું યોગ્ય સુચારૂ નિવારણ લાવવાનું જવાબદેહ દાયિત્વ બજાવવાનું છે.'' એમ તેમણે આ યુવાઓને સંવેદનશીલ વ્યકતવ્યમાં જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે રાજ્ય સરકારના સચિવાલયથી લઈને છેક તાલુકાસ્તર સુધીના કર્મયોગીઓના વાર્ષિક કામગીરી મૂલ્યાંકન માટે બાયોમેટ્રિકસથી માંડીને ડેશ બોર્ડ જેવી આઈ.ટી. ટેકનોલોજી આધારિત પેરામીટર્સ વિકસાવવાની નેમ વ્યકત કરી હતી.

આ પ્રસંગે સામાન્ય વહિવટ વિભાગના અગ્ર સચિવ એલ. ચુઆંગો, પસંદગી મંડળના સચિવ પટેલ, સભ્ય ઐયર અને આમંત્રિતો તથા નવનિયુકત ઉમેદવારોના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જે.એમ.ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે શુભેચ્છા સમારોહ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૬
શ્રી જે. એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે એક શુભેચ્છા સમારંભ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ઉપપ્રમુખ સાહેબ શંકરભાઈ ચૌધરી, મંત્રી લાલજીભાઈ ચૌધરી, તેમજ ગણેશભાઈ ચૌધરી તથા માધ્યમિક શાળાનાં આચાર્યા હાજર રહી વિદ્યાર્થીઓને ઉતરોત્તર પ્રગતિ કરતા રહેવાનો સંદેશ સાથે શુભેચ્છા પાઠવી હતી.

શાળાના આચાર્યા મીનાબેન ચૌધરીએ પણ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્ય હતા. કાર્યક્રમને સફળ બનાવવા ધોરણ-૮ના વર્ગશિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિ. ખાતે ત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬
ગાંધીનગર ખાતેની પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે ત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સ યોજાઈ હતી. જેનો વિષય 'એનર્જી ફયુચર એન્ડ સોસીયેટલ પર્સયેકિટઝ' એટલે કે 'ઊર્જાનું ભાવિ અને સામાજિક દૃષ્ટિકોણ' હતો. આ કોન્ફરન્સમાં આ વિષયેની ઘડતર ક્ષેત્રે અગ્રણીઓ, સંસોધકો, સરકારી અધિકારીઓ વગેરેએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.




# યુરો કિડ્સ, કુડાસણ દ્વારા ત્રીજા વાર્ષિકોત્સવનું આયોજન




ગત રવિવારે યુરો કિડ્સ, કુડાસણ સંસ્થાના ડાયરેકટર શ્રીમતી રુચિ અગ્રવાલના વડપણ હેઠળ આંબેડકર હૉલમાં વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં રેડ. એફ. એમ. ૯૩.૫ નાં ઝોનલ હેડ સલીમ દરેડીયા ચીફ ગેસ્ટ રુપે પધાર્યા હતા. સરસ્વતી વંદનાથી શરુ થયેલ કાર્યક્રમમાં નાના ભૂલકોઓએ વિવિધ ડાન્સ અને સોંગના પરફોર્મન્સથી દર્શકોને, માતા-પિતાને ડોલાવી દીધા હતા. સંસ્થાના હેડ શ્રીમતી મીરા ભટ્ટે કાર્યક્રમના અંતે આભાર પ્રદર્શન કર્યું હતું.

# ચૌધરી મહિલા આર્ટસ કૉલેજમાં 'લોકસાહિત્ય : વિભાવના અને આસ્વાદ' વિષય પર પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કૉલેજના નેજા હેઠળ ગુજરાતી વિભાગ અને ગુજરાતી સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય પરિસંવાદ 'લોકસાહિત્ય : વિભાવના અને આસ્વાદ' વિષય પર યોજાયો હતો.

કાર્યક્રમની ઉદ્‌ઘાટન બેઠકમાં ઉદ્‌ઘાટક પદ્મ શ્રી ડૉ. વિષ્ણુભાઈ પંડ્યા, ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી અજયસિંહ ચૌહાણ, અતિથિ વિશેષ તરીકે હરિભાઈ ચૌધરી, પ્રમુખ, અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર અને મધ્યકાલીન સાહિત્ય અને લોકસાહિત્યના ઉપાસક અને સંશોધક 'ભિષ્મ પિતામહ' નું બિરુદ પામનાર ડૉ. હસુભાઈ યાજ્ઞિકે બીજરુપ વકતવ્યમાં Folk lore ની સંજ્ઞા સમજાવી અને લોકસાહિત્યની વિભામના સમજાવી હતી. સમગ્ર ઉદ્‌ઘઆટન બેઠકનું સંચાલન ડૉ. લીના સ્વાદિયાએ કર્યું હતું તો આભારવિધિ ડૉ. રાકેશભાઈ પટેલે કરી હતી.

પ્રથમ બેઠકનું સંચાલન પ્રા. ચૌધરીએ કરી આપ્યું હતું. તેમાં ડૉ. રાઘવજી માધડે લોકવાઙ્‌મય અને આસ્વાદન વિષે વિગતે ઉદાહરણ સહિત વતા કરી હતી. પ્રથમ બેઠકની આભારવિધિ ડૉ. મીનાબેન એસ વ્યાસે કરી હતી.

ભોજન બાદ દ્વિતીય બેઠકમાં લોકસાહિત્યનું આસ્વાદન ભીખુદાન ગઢવી, ઘનશ્યામ ગઢવી અને સાથઈ કલાકારોએ કરાવ્યું હતું. લોકગીત, લોકકંઠે ગવાતા સુપ્રસિદ્ધ ગીતો, લોકથા, હાસ્યકથા અને લોકસાહિત્યની નીવડેલી રચનાઓ જેવી કે, શિવાજીનું હાલરડું, ચારણ કન્યા, દુહા છંદ વ. પ્રસ્તુત કરીને સતત ત્રણ કલાક સુધી લોકસાહિત્યનું આસ્વાદન કર્યું હતું. બીજી બેઠકનું સંચાલન ઘનશ્યામ ગઢવી અને આભારવિધિ ડૉ. સોનલબેન મોદીએ કરી હતી. સમગ્ર પરિસંવાદની પરિકલ્પના અને આયોજન ડૉ. લીના સ્વાદિયાએ કર્યું હતું.

આ પ્રસંગે પ્રા. મુનીબેન ચૌદરી, ડૉ. મીના બેન વ્યાસ, ડૉ. સોનલ મોદી, ડૉ. આર. આર પટેલ અને ડૉ. નરેન્દ્રભાઈ પટેલ તેમજ સમગ્ર સ્ટાફ પરિવારે સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો, વિવિધ કૉલેજના અધ્યાપક ગણ, અને સાહિત્ય રસિકોની સાથે સાથે અખિલ આંજણા કેળવણીના મંડળના સર્વ હોદ્દેદારો, કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી, પૂર્વ પ્રમુખ મણિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, મહામંત્રી માધુભાઈ ચૌધરી સહિત અન્ય સૌ ઉપસ્થિત રહ્યા હતા.

# સોનગઢ મુકામે અઠવાડિયા માટે પોલીસ કોન્સ્ટેબલલ પરીક્ષા તાલીમ યોજાઈ



ગાંધીનગર, તા.૨૬
શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાપી જિલ્લાના સોનગઢ કૉલેજમાં ૨૪મી માર્થી ૩૦મી માર્ચ સુધી પોલીસની ભરતી માટેની તાલીમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૧૨૦ સંખ્યા જેમાં ૭૬ બહેનો અને ૪૪ ભાઈઓ જાડાયા હતા.

ગાંધીનગરથી અરવિંદસિંહ વાઘેલા, પ્રવિણભાઈ ડામોર, સંદિપસિંહ ચાવડા, વિવેકસિંહ ત્રિવેદી તથા ઉર્મિલા ઝણકાટ પોતાની સેવા આપી રહ્યા છે. સમગ્ર અભ્યાસક્રમ આવરી લેવામાં આવશે. ૫૧૦ પાનાનું મટીરીયલ્સ પણ બધાને આપવામાં આવ્યું છે. બપોરે ભોજન પુરું પાડવામાં આવે છે.

સવારે ૭.૩૦ થી ૮.૩૦ વાગે મેદાનમાં દોડ તથા કસરતનું આયોજન થાય છે. તમામ સ્તરે ધ્યાન આપી કાર્ય થઈ રહ્યું છે. બધા ઉકાઈમાં રોકાયા હોવાથી સંચાલન થઈ શકે છે. મિલિન્દભાઈ ગુપ્તે પૂર્ણ સમય ત્યાં રોકાયા છે.

# ટેકનોલોજીની લગામ જેના હાથમાં એ સદાકાળ યુવાન




કેટલાક લોકો ભરયુવાનીમાં પણ વૃદ્ધ હોય છે. યુવાનીને સડો લાગવાના મુખ્ય બે કારણો છે. આધુનિક નવી ટેકનોલોજીથી પરહેજ રાખે અને નાણાં રળવા સિવાય અન્ય કોઈ વાતમાં રસ ન લેવાની વૃત્તિ આ બે કારણે અકાળે વૃધ્ધત્વ આવતુ હોય છે. કલા, સપોર્ટ્સ, સંગીત, સાહિત્ય, ટેકનોલોજી જેવી બાબતો જે વ્યકિતને બિનઉપયોગી લાગે તે યુવાન એ વૃદ્ધ છે. ટેકનોલોજીના ઉપયોગને સમય બગાડનારી પ્રવૃત્તિ તરીકે માનતો વ્યક્તિ બુઢ્ઢો છે. બુઢાપો માત્ર વયથી નથી જોવાતો. એક જગ્યાએ અટકી જઈને એક જ વિચારધારાની આસપાસ ફરનાર ઉંમરલાયક કહેવાય. સ્થગિત મનોવૃત્તિવાળી વ્યક્તિને બુઢાપો જકડી લેતો હોય છે. એક જગાએ બંધિયાર પાણી પણ લાંબે ગાળે ગંધાઈ જાય છે. સમયની સાથે તાલ મિલાવી ટેકનોલોજી સાથે ન વિકસી શકનાર જયાંનો ત્યાં પડી રહે છે. સમય સાથે ન ચાલી શકનાર સડી જાય છે.



જુદા જુદા પરિમાણોના સહર્ષ સ્વીકાર સાથે અનુભવ મેળવી જે વધે એ જ વૃદ્ધ કહેવાય. બાકી માત્ર વયથી વધતો અને કોઈ એક વાતની આસપાસ ભટકનાર વ્યક્તિ બુઢ્ઢો જ કહેવાય. આચાર, વિચાર અને છેલ્લે વય એમ ત્રણ માપદંડને આધારે વૃદ્ધત્વને મુલવી શકાય છે. ટેકનોલોજીની પુરપાટ ગતિ સાથે તાલ મિલાવનારની વય ગમે એટલી હોય પણ એ બુઢ્ઢો નથી એ વાત ચોક્કસ છે. ગુજરાતી ચિંતક અને લેખક પદ્મશ્રી ગુણવંતભાઈ શાહે એક જગાએ લખ્યું છે કે, ખિસકોલી ઘરડી થાય તો પણ દોડવામાં ધીમી પડતી નથી, પુષ્પ ખરવાની અણી ઉપર હોય તો પણ સુગંધ આપવામાં પાછી પાની કરતું નથી, હરણ ગમે તેટલું ઘરડું થાય એની દોડવાની ગતિ જળવાઈ રહે છે. ખિસકોલી, હરણ, પુષ્પ વગેરે સમય સાથે તાલ મિલાવી જાણે છે એટલે એની જીવવાની સ્પીરિટ શાનદાર હોય છે.

આંતરરાષ્ટ્રવાદના રાજકીય સિદ્ધાંતના જનક અને નોર્વેના દાદુ ઈતિહાસવિદ ક્રિસ્ટીન લાઓસે ટેકનોલોજીના સંદર્ભમાં એક ચોંટદાર વાત કહી છે. ક્રિસ્ટીન કહેતા કે, ' ટેકનોલોજી અત્યંત ઉપયોગી મહત્વપૂર્ણ સેવક છે. પણ જો એનો પ્રભાવ તમારા ઉપર વધ્યો તો એ ખતરનાક માસ્ટર છે. ' આધુનિક યુગમાં ટેકનોલોજીએ આંગળીના ટેરવા પર સમસ્ત વિશ્વનો આનંદ ઉત્સવ બનાવીને મુકી દીધો છે. જે વ્યકિત ટેકનોલોજીથી મોં ફેરવીને નાકનું ટેરવું ચઢાવે છે એને સપ્તરંગી વૈશ્વિક ઉત્સવોની ગતાગમ જ ન પડે.

ટેકનોલોજીકલ બુમને કારણે વિશ્વની અડધા ઉપરાંતની વસતી ઓનલાઈન થઈ ગઈ છે. ડબલ્યુ ડબલ્યુ ડબલ્યુ એટલે કે, વર્લ્ડ વાઈડ વેબનું જાળું (નેટ). આ જાળુ રચાયાને ૩૦મો જન્મદિવસ છે. બરાબર ૨૯ વર્ષ પહેલાં ૧૯૮૯માં માર્ચ મહિનામાં બ્રિટનના ટીમ બર્નર્સ લી અને રોબર્ટ સાઈલાએ ભેગા મળીને વર્લ્ડ વાઈડ વેબનો પ્રાથમિક કાચો ખ્યાલ વિશ્વ સમક્ષ રજૂ કર્યો હતો. નેટક્રફ્ટના અહેવાલ અનુંસાર આજે સમસ્ત વિશ્વમાં ૬૪૪ મિલિયન એક્ટિવ વેબસાઈટ્સ છે અને પ્રતિદિન એમાં વધારોથતો જાય છે. ટીમ બર્નર્સ લી ટેકનોલોજીકલ એન્જિનિયર તો હતો જ પણ સાથે સાથે અદભુત ચિંતક અને વિચારક પણ હતો. આધુનિક યુગમાં વર્લ્ડ વાઈડ વેબને ઈન્ટ્રોડ્યુસ કરીને ૩૬૦ ડિગ્રીએ ટેકનોલોજીકલ પરિવર્તન કરનાર ટીમ બર્નર્સ લીના વિચારો દુનિયાભરના યુવાનો માટે અત્યંત પ્રેરણાદાયી અને માર્ગદર્શક બની રહ્યા છે. બ્રિટીશ કોમ્પ્યુટર વૈજ્ઞાનિક ટીમ લી દ્રઢપણે માનતા કે, ડેટા તે અત્યંત મૂલ્યવાન વસ્તુ છે, તેનું આયુષ્ય સીસ્ટમની સરખામણીમાં ઘણું લાંબુ હોય છે. ડેટા લાંબો સમય ટકતો હોય છે. નેટને સરહદોના વાડા બાંધી શકતા નથી. નેટ સંસ્કૃતિઓને જોડીને વિશ્વના લોકોને એકમેકથી નજીક લાવે છે. છેલ્લા ત્રણ દાયકામાં નેટવકલ્ગ સિસ્ટમથી દુનિયા સમેટાઈને માનવીની આંગળીના ટેરવે આવી ગઈ છે. બીજા શબ્દોમાં કહીએ તો વસુધૈવ કુટુમ્બકમની ભારતીય સંસ્કૃતિનો મોડર્ન અવતાર એટલે ઈંટરનેટ ટેકનોલોજી. ટીમ લી અને એના મિત્રોએ વર્લ્ડ વાઈડ વેબનો વિચાર કર્યો ત્યારે એમનો મૂળ ખ્યાલ હતો માહિતીની આપલે દ્વારા વૈશ્વિક વાતચીતનું પ્લેટફોર્મ ઊભું થાય. સામાન્ય રીતે એવો અનુભવ છે કે, વેબ યુઝર્સને માહિતી અને ડેટા મેળવવામાં જ રસ હોય છે. એમને વેબસાઈટના દેખાવ, ફોટા કે પછી રંગરોગાનમાં ઓછો રસ હોય છે.

અંગ્રેજી ફિલ્મ જ્યુરાસિક પાર્કના વિશાળકાય ડાયનાસોરને ટેકનોલોજીથી જીવંત કરીને દુનિયાને ફફડાવી નાખનાર ઈન્ટેલિજન્ટ અમેરિકન રાઈટર, ડાયરેકટર, પ્રોડ્યુસર સ્ટીવન સ્પિલબર્ગના મતે ટેકનોલોજી માનવીનો શ્રેષ્ઠ મિત્ર બની શકે છે. પ્રતિપળ દુનિયાને વધુ બહેતર બનાવવાની ક્ષમતા ટેકનોલોજીમાં રહેલી છે. ટેકનોલોજી સાથે તાલ મિલાવીને ચાલવામાં બદલાતા જતા ત્રીજા વિશ્વની માહિતી મેળવવાના આનંદની સાથે નવા પ્રકારના અનુભવનુ ભાથું મળતું હોય છે. નવી વાત ત્યારે જ ગળે ઉતરે કે જ્યારે વ્યક્તિ નાના બાળકની જેમ શીખવાની તત્પરતા દાખવે. ૧૯૫૫માં બ્રિટનમાં જન્મેલા ટીમ લી ટેકનોલોજીના ઘોડા ઉપર સવાર થઈને કમ્પ્યુટર એન્જિનિયરીંગના વિષયને હાર્વર્ડ યુનિવર્સિટીમાં તેજોતર્રાહ છોકરાઓને કોમ્પ્યુટર સાયન્સ શીખવે છે. ટીમ બર્નર્સ લીની પ્રોડક્ટની નેટવેલ્યુ પાંચ કરોડ યુએસ ડોલર છે. સ્નાતક બન્યા બાદ બર્નર્સ લીએ ટેલિકોમ્યુનિકેશનની એક કંપનીમાં એન્જિનિયર તરીકે કામ કર્યું. ત્યારબાદ ડી. જી. નેશમાં લી જોડાયા. તેમણે સીઈઆરએનમાં કોન્ટ્રાકટર તરીકે પણ કામ કર્યું. જીનીવામાં બર્નર્સ લીએ હાયપર ટેક્ષ્ટના વિચાર ઉપર આધારિત એક પ્રોજેકટ પ્રસ્તાવિત કર્યો. સીઈઆરએન એટલે યુરોપીયન ઑર્ગેનાઈઝેશન ફોર ન્યુક્લિઅર રીસર્ચ. સીઈઆરએન યુરોપનું સૌથી મોટું ઈન્ટરનેટ નોડ કહેવાય છે. એમા ૨૫૦૦ જેટલા વૈજ્ઞાનિકો, સંશોધકો, ટેકનિકલ તજજ્ઞો કામ કરે છે. વિશ્વભરના ૧૨,૦૦૦ કરતાં વધુ વૈજ્ઞાનિકો અને ટેકનિકલ તજજ્ઞો સીઈઆરએન પ્રયોગશાળાનો ઉપયોગ કરે છે. બર્નર્સ લીની ૧૯૮૯માં કરેલી દરખાસ્ત ૧૯૯૦માં પુનર્જિવીત થઈ. ટીમની પ્રપોઝલનો સહર્ષ સ્વીકાર પણ થયો. લીએ વર્લ્ડ વાઈડ વેબ બનાવવા માટે તેના આ પ્રેઝન્ટેશનના વિચારોના આધારે જ યોજના મૂર્તિમંત કરી.

ટેકનોલોજી સાથે કદમ મિલાવી જિંદગીના છ દાયકા પછી પણ યુવાન રહેતા બર્નર્સ લીને ૨૦૦૯માં બ્રિટીશ પ્રાઈમ મીનિસ્ટર ગોર્ડન બ્રાઉનની મિનિસ્ટ્રીમાં યુનાઈટેડ કિંગડમની સરકાર સાથે કામ કરવા માટે નિમંત્રિત કરવામાં આવ્યા. ૨૦૦૯ના વર્ષમાં જ બર્નર્સ લીએ વર્લ્ડ વાઈડ વેબ ફાઉન્ડેશનની રચના પણ કરી. પ્રતિદિન નવતર પરિવર્તનો કરીને નવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને વર્લ્ડ વાઈડ વેબ કુદકે ને ભૂસકે વધુ ને વધુ સક્ષમ બનતું જતું હતું. ટેકનોલોજીના અરેબિયન ઘોડા ઉપર સવાર થઈને બર્નર્સ લીથી માંડીને સ્ટીવ જોબ્સ, બિલ ગેટ્સથી માંડીને અઝીમ પ્રેમજી, મુકેશ અંબાણીથી માંડીને અદી ગોદરેજ કે પછી સીલ્વેસ્ટર સ્ટેલોનથી માંડીને અમિતાભ બચ્ચન જેવા વ્યક્તિત્વોને જીવનના છ, સાત કે આઠ દાયકા પછી પણ વૃદ્ધ કહેવા ગમતા નથી. આ લોકો ટેકનોલોજીની લગામ હાથમાં રાખીને સદાકાળ યુવા રહે છે. એજ ટેકનોલોજી સર્વશ્રેષ્ઠ કહેવાય કે જે લોકોને યુવાનની જેમ સતત વ્યસ્ત અને મસ્ત રાખે. ટેકનોલોજી લોકોને એકમેકની નજીક લાવે છે. ટેકનોલોજીથી મનનું, હૃદયનું અને ભૌગોલિક વિસ્તારનું અંતર ઘટતુ હોય છે. જેણે ટેકનોલોજીથી મોં ફેરવ્યું છે એણે જીવનનો ચાર્મ ગુમાવ્યો છે.

**ધબકાર**

ટેકનોલોજીના જમાનામાં બધું જ ખૂબ ઝડપથી બદલાતું હોય છે, પહેલાં 'કિટ્ટા' કહેવાતી હતી એ હવે 'બ્લોક' કહેવાય છે.